# મારા ગુરુ, મારા પથદર્શક

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**મારી** સાથે તમે પણ એક કલ્પના કરો : એક સૃષ્ટિ કે જ્યાં ભગવાનની ઊર્જા આપણાં સૌમાં વહી રહી છે. આ સૃષ્ટિમાં આપણે આપણા દેહ સાથે જોડાયેલી બધી લાગણીઓ જેવી કે, દુન્યવી આનંદ, મૂંઝવણ, ઉદાસીનતા, તણાવ, ક્રોધ વગેરેથી ઉપર ઊઠી રહ્યાં છીએ. આપણી આ કલ્પના સાકાર કરવી એ કંઈ હવે બહુ અઘરું નથી કારણ કે, આપણને રાહ બતાવવા માટે આપણા ગુરુ આપણી સાથે છે.

*જ્યારે ભગવાન આપણને મળ્યા જ છે તો પછી ગુરુની શી આવશ્યકતા છે ?*

ભગવાનની ભક્તિ તો આપણે કરતાં હોઈશું. પરંતુ આપણી અંદર ભગવાનની ચેતના પ્રગટાવવાનું કેવી રીતે શીખી શકીએ ? તે માટે આપણા ગુરુ આપણા પથદર્શક છે. આપણા મનમાં ભગવાનને પામવાનું લક્ષ્ય હોઈ શકે, **પરંતુ ગુરુ આપણને તે લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે.**

થોડાં વર્ષ પહેલાં મને મારા કામ બાબતે દ્વિધા થતાં મેં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનો સંપર્ક કર્યો હતો. મારી જોબ માટે હું યોગ્ય નથી તેવું મને લાગતું હતું તે મેં તેઓને જણાવ્યું. મનોજદાસજીએ મને સ્પષ્ટ સમજ આપી કે, 'હું' કામ કરી રહી છું તેવું હું વિચારું છું તેના બદલે '**ભગવાન**'ને મારા દ્વારા કામ કરવા દેવું. **તેઓની** વાતનો સાર :

આપણે ભગવાનને આપણા દ્વારા કેવી રીતે કામ કરવા દઈ શકીએ ?

જ્યારે આપણને આપણો અહંકાર એવો વિચાર કરાવે કે, 'મારે આ કામ કરવું છે' અથવા 'હું આ કામ કરવા માટે સક્ષમ છું', ત્યારે ભગવાન ત્યાંથી ખસી જાય છે અને આપણા અહંકારને કામ કરવા દે છે. અને પછી ભગવાન માત્ર પ્રેક્ષક બની જાય છે !

*તેના બદલે, અહંકારને પ્રેક્ષક બનાવીએ અને ભગવાનને કામ કરવા દઈએ !*

મનોજદાસજીએ મને પ્રેરણા આપી કે, દરરોજ સવારનો પ્રારંભ અને ખરેખર તો દરેક પળનો પ્રારંભ એવી પ્રાર્થના સાથે કરો કે, 'હે પ્રભુ ! મારામાં રહીને તમે કાર્ય કરજો.' અને દરરોજ સાંજે ભગવાનની કૃપાનો આભાર માનવો.

મેં મારી સામે બેસતા દરદીઓની સાથે પરામર્શ કરતી વખતે મનમાં આવી પ્રાર્થનાનો પ્રયોગ કર્યો. 'હે પ્રભુ ! કૃપા કરીને તમે મારામાં રહીને કાર્ય કરો.' શરૂઆતમાં તો મને મારા આ શબ્દો નિરાશાજનક લાગતા હતા. તેમ છતાં મેં જબરજસ્ત બદલાવ નોંધ્યો. હું એવા વિચારો કરવા ટેવાયેલી હતી કે, 'મને ખબર નથી કે હું શું કરી રહી છું' અથવા 'મારા દરદીને લાગશે કે હું આ કામ માટે સક્ષમ નથી.' પણ હું વિચારશૂન્ય થઈ જતી, કારણ કે, હું એક સાથે બે વિચારો કરી શકતી નહિ. પરંતુ સતત પ્રાર્થનાએ મારા આવા નકારાત્મક વિચારોને શાંત કરી દીધા.

સમય જતાં, 'ભગવાન તમે મારામાં રહીને કામ કરો' એ શબ્દો મને અપાર શાંતિ આપનારા તો બન્યા જ, પણ સાથે સાથે ભગવાન મારી સાથે રહે તેવી અભ્યર્થના પણ બની રહ્યા. અને તેથીય વિશેષ, આ શબ્દો મને મારા પ્રભુ અને ગુરુને યાદ રાખવા અને તેઓ મારી સાથે છે તે યાદ અપાવવાનું નિમિત્ત બની રહ્યા.

આવા અભ્યાસ દ્વારા મનોજદાસજીએ મને મારી શારીરિક ક્ષમતા પર નિર્ભર રહેવાને બદલે ભગવાન પર નિર્ભર રહેતાં શિખવાડ્યું. જ્યાં સુધી 'હું કરું છું' તેવું હું માનતી હતી ત્યાં સુધી જો મારી કામગીરી યોગ્ય ના થઈ હોય તો મને હતાશાની લાગણી અનુભવાતી. જો કે, જ્યારે મેં ભગવાનને મારા દ્વારા કાર્ય કરવા દીધું, ત્યારે જે પણ પરિણામ આવે તેને તેઓની મરજી તરીકે સ્વીકારવાનું સરળ થઈ ગયું.

આપણે ઘણીવાર 'આત્મવિશ્વાસ રાખવો' અથવા આપણે 'આપણી પોતાની ક્ષમતા પર વિશ્વાસ રાખવો' એવી સલાહ સાંભળીએ છીએ, પરંતુ આપણને આપણા ગુરુ શીખવે છે કે, પ્રભુમાં વિશ્વાસ રાખવો–પ્રભુની ક્ષમતા પર વિશ્વાસ રાખવો.

બહુ સામાન્ય જણાતી આવી પ્રયુક્તિ દ્વારા પણ મનોજભાઈએ આપણને ભગવાનની નજીક જવાનો માર્ગ બતાવ્યો છે. હમણાં કેટલાંક સત્સંગીઓ અને હું ટેકો બેલ ગયાં હતાં. એક સત્સંગીની કારકિર્દી અંગે માર્ગદર્શન મેળવવા મનોજદાસજીને ફોન કરતાં પહેલાં અમે ટેકો બેલમાં ઝડપથી ભોજન પતાવ્યું અને ત્યાંની મેન્ગો ટી પણ અજમાવી જોઈ. ફોન ઉપાડતાં જ મનોજદાસજીએ કહ્યું, 'ઓહો, તમે ટેકો બેલમાં છો ! આજે તમે બધાંએ નવું પીણું ચાખ્યું, ખરું ને ?'

અમે એકબીજાંની સામે આશ્ચર્યની નજરે જોવા લાગ્યાં. તેઓને કેવી રીતે ખબર પડી ? મનોજદાસજીએ આગળ કહ્યું, 'ઠાકોરજીએ ખરેખર પ્રસાદરૂપે ભોજનને માણ્યું, પણ તમારાંમાંથી કોઈએ ઠાકોરજીને પૂછ્યું નહિ કે, તેમને કયું પીણું પીવું છે ?' આ પ્રસંગથી અમે ભોજનને પણ ભગવાન સાથેના નિત્ય સંવાદનો એક ભાગ બનાવવાનો પાઠ શીખ્યાં કે, હંમેશાં ભગવાનને પણ ભોજનમાં તેઓની પસંદગી બાબતે પૂછવું અને દરેક ભોજન પહેલાં ભગવાનને યાદ કરવા.

આપણા ગુરુ આ જ તો કાર્ય કરે છે. તેઓ આપણા જીવનને ભગવાન સાથેના સતત સંવાદમાં રૂપાંતરિત કરવાનું આપણને શીખવે છે. પ્રત્યેક સવાર, એ ભગવાનને આપણી સાથે આખો દિવસ રહેવા માટેનું નિમંત્રણ છે, પ્રત્યેક ભોજન, એ આપણા દ્વારા ભગવાનને શું જમવું ગમશે તે અંગેનો સંવાદ છે, અને પ્રત્યેક રાત્રિ, એ ભગવાનનો આભાર માનવા માટેની પ્રાર્થના છે.

ગુરુ વગર પણ આપણે ભગવાનને પ્રાર્થના અને ભક્તિ તો કરી શકીશું, પરંતુ પથદર્શક તરીકે આપણી સાથે જો આપણા ગુરુ હોય તો ભગવાનને આપણા ઉત્તમ મિત્ર બનાવતા શીખવાનો, ભગવાનને આખો દિવસ અને છેવટે તો જીવનભર આપણી સાથે રાખવાનો અલભ્ય અવસર આપણને પ્રાપ્ત થશે.

આપણાં જીવનનાં દરેક પાસાં – પછી ભલે આપણે કામ કરતાં હોઈએ, સેવા કરતાં હોઈએ, વાલી તરીકે ફરજ નિભાવતાં હોઈએ, અભ્યાસ કરતાં હોઈએ કે અન્યો સાથે વ્યવહાર કરતાં હોઈએ – ત્યારે આપણે પ્રાર્થના કરીએ કે, 'હે પ્રભુ, આપ મારા દ્વારા કાર્ય કરો, મારા જીવનનો ધબકાર બની જાવ.' ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'–ઑગસ્ટ, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)